અપીલ અરજી નં.૬૨ તા.૧૮–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૬–૪–૧૦ની અરજીથી મુદ્દા નં.૩ બ્લોક નં.૧૦૮ . ૧૦.૨૩ ગોડાદરા રેલ્વે ફાટક પાસે સંચાના કારખાના તથા ઈન્ડ.પ્લોટીંગ તથા સમ્રાટ ઈન્ડ. તથા અન્ય ઈન્ડસ્ટ્રીયલનું કામકાજ ચાલુ છે ઉપરોકત ત્રણેય બાંધકામોની કાયદેસરતા,પરવાનગી તથા પરવાનગી ન આપી હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૮–૫–૧૦ ની **SMC/FAP/** નં.૬૨/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૬–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૩ બ્લોક નં.૧૦૮ . ૧૦.૨૩ ગોડાદરા રેલ્વે ફાટક પાસે સંચાના કારખાના તથા ઈન્ડ.પ્લોટીંગ તથા સમ્રાટ ઈન્ડ. તથા અન્ય ઈન્ડસ્ટ્રીયલનું કામકાજ ચાલુ છે ઉપરોકત ત્રણેય બાંધકામોની કાયદેસરતા,પરવાનગી તથા પરવાનગી ન આપી હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમા પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૨૭૭ તા.૨૭–૫–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આનં. ૫૬૭ તા.૨૬–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, ઉધનાઝોન તરફથી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કર્યા અંગે નં.સા.ઝોન/ટેક./આફનં.૨૫૭ તા.૫–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૫૬૩ તા.૨૬–૫–૧૦ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના યુપીસી પુરાવાની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૬–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. ૧ નવીન ફલોરીંગની બાજુમાં મેઈન રોડ ભેસ્તાન હાલમાં બાંધકામ ચાલુ છે. મુદ્દા નં.૨ સી–૪,૫ પ્રમુખપાર્ક ઈન્ડ. એસ્ટેટ પાંડેસરા ફતેહનગર બાંધકામ ચાલુ છે. મુદ્દા નં.૩ બ્લોક નં.૧૦૮.૮.૨૩ ગોડાદરા રેલ્વે ફાટક પાસે સંચાના કારખાના તથા ઈન્ડ. પ્લોટીંગ તથા સમ્રાટ ઈન્ડ. તથા અન્ય ઈન્ડ.નું કામકાજ ચાલુ છે. ઉપરોકત ત્રણેય બાંધકામોની કાયદેસરતા, પરવાનગી તથા પરવાનગી ન આપી હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ. મુદ્દા નં.૪. પાંડેસરા જીઆઈડીસીમાં ગેરકાયદેસરથી પાઈપ લાઈન ધ્વારા પાણી સપ્લાય કરનાર સામે કોઈ કાર્યવાહી થઈ નથી તો તે જે તે જવાબદાર અધિકારીનું નામ આપવું. જે પૈકી મુદ્દા નં.૩ અંગે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૫૭ તા.૫–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારને સમય મર્યાદામાં માહિતી કે અન્ય કોઈ પણ નિર્ણય મળેલ ન હોવાથી તા.૧૮–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૫૬૩ તા.૨૬–૫–૧૦ થી " મોજે ગોડાદરાના બ્લોક નં.૧૦૮.૧૦.૨૩ ની માહિતી માંગેલ છે પરંતુ સોસા.ના નામ જોતાં સદર માહિતી બ્લોક નં.૧૦૮.૧૧૦.૧૨૩ ની પરવાનગીની વિગતો માંગેલ છે. (૧) બ્લોક નં.૧૦૮ સુડા/વિપસ/યુ–૪/૪ ૮૪૩/૫૧૯૧ તા.૭–૭–૦૩ ધ્વારા રજાચિઠ્ઠી સુડા ધ્વારા આપવામાં આવેલ છે. (૨) બ્લોક નં.૧૧૦ ટીડીઓ/ડીપી/ નં.૧૫ તા.૧૧–૫–૦૭ થી સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે. (૩) બ્લોક નં.૧૨૩ સુડા / વિપઅ/ યુ–૪/૬૧૪૬/ ૬૪૯૨ તા.૨૮–૧૨–૦૫ થી સુડા ધ્વારા પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે." તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૩ ની માહિતી આપવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૬–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગત પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,